

ગાંધીનગર શહેરના ઘ-માર્ગ પર ઘ-૩ થી ઘ-૪ તરફ જતી એક વેગનઆર ગાડીના ચાલક રીતેશ વાઘેલાએ અચાનક સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ડીવાઈડર કુદીને પોસ્ટ ઓફીસ બાજુના માર્ગ પર કાર ઘુસી ગઈ હતી. આ અકસ્માત કેવી રીતે સર્જાયો અને ગાડી ડીવાઈડર પર કેવી રીતે ચઢી ગઈ તે બાબત હજુ રહસ્ય છે. કાર ચાલક ચાંદખેડાના યુવાન રીતેશ વાઘેલાને ગંભીર હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. તો બીજી તરફ ગાડીનું કચ્ચરઘાણ નીકળી ગયું હતું.

# સોનાના હારની થયેલી ચોરી અંગે છ મહિને પોલીસ ફરીયાદ

## સે-૩ની મહિલાએ ફરીયાદ નોંધાવી : તકીયા નીચે મુકેલો હાર ગાયબ થઈ ગયો હતો

ગાંધીનગર, તા.૧૨

શહેરનાં સેકટર-૩-એ ન્યુમાં રહેતી મહિલાએ સેકટર-૭ પોલીસ મથકમાં છ મહિના પહેલા થયલી સોનાના હારની ચોરી અંગે આજે ફરિયાદ નોંધાવી છે. રાત્રે સુતી વખતે તકીયા નીચે સોનાનો હાર મુકયો હતો જે સવારે મળી આવ્યો ન હતો. ઘરમાં કયાંક આઘો પાછો મુકાઈ ગયો હશે તેમ માનીને હારની શોધખોળ ચલાવી હતી પરંતુ મળી ન આવતા અંતે છ મહીને ફરિયાદ નોંધાવી છે.

સેકટર-૩-એ ન્યુ પ્લોટ નં ૨૯૨માં રહેતી મહિલા કાંતાબેન શેલતભાઈ ચક્રવર્તીએ આજે સેકટર-૭ પોલીસ મથકમાં સોનાના હારની ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે. જેમાં ઉલ્લેખ કર્યા મુજબ ૧૬ જુને રાત્રે તેણીએ સોનાનો ૧૯ હજારની કિંમતનો હાર સુતી વખતે તકીયા નીચે મુકયો હતો. બીજે દિવસે સાંજે અચાનક યાદ આવ્યું અને તકીયા નીચે જોયું તો હાર ગાયબ હતો. ઘરમાં શોધખોળ કરી પરંતુ કયાંયથી મળ્યો ન હતો. અંતે છ મહિના પહેલા ચોરી થયેલા સોનાના હારની ફરિયાદ આજે સે-૭ પોલીસને આપતા પીએસઆઈ વી.યુ. ગડરીયા એ ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

# સોમવારે શહેર વસાહત મહામંડળ દ્વારા ૪૨૫ દિવંગતોનું અસ્થિ વિસર્જન કરાશે

## રવિવારે સવારે ૯ વાગે મુક્તિધામ ખાતે પ્રાર્થનાસભા યોજાશે : રાત્રે ૧૦.૧૦ વાગે ગાંધીનગર રેલવે સ્ટેશને અસ્થિકુંભને વિદાય અપાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા આગામી તા. ૧૫મી ડિસેમ્બર સોમવારે હરિદ્વાર ખાતે દિવંગત સદ્‌ગતોના અસ્થિઓનું વિસર્જન કરવામાં આવશે. આ અસ્થિ વિસર્જનમાં તા. ૧૩મી સપ્ટેમ્બરથી તા. ૧૨મી ડિસેમ્બર દરમ્યાન ગાંધીનગરના મુક્તિધામ અને સરગાસણ ખાતેના અંતિમધામ ખાતે અંતિમ ક્રિયા કરાયેલા ૪૨૫ દિવંગતોના અસ્થિતનું વિસર્જન કરાશે. આ અસ્થિ વિસર્જન સોમવારે સવારે ૭.૩૦થી ૧૧.૩૦ કલાક દરમ્યાન હરિદ્વારના હરકિપૌઢી ખાતે શાસ્ત્રોક્ત વિધિથી કરાશે.

આ દિવંગત આત્માઓના માનમાં તા. ૧૩મી ડિસેમ્બર શનિવારે સે. ૩૦ના મુક્તિધામ ખાતે સવારે ૯ થી ૯.૪૫ વાગ્યા દરમ્યાન પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રાર્થના સભામાં દિવંગત આત્માઓના સગા સ્નેહી, મિત્રો અને નગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા નિમંત્રણ અપાયું છે.

આ અસ્થિ વિસર્જનમાં આ વખતે વસાહત મહામંડળના મૂકસેવક ઉલ્લાસભાઈ વોરા અને મિત્રો તેમની સેવાઓ આપશે. તેઓ તા. ૧૩મી ડિસેમ્બર શનિવારે રાત્રે રેલવે દ્વારા હરિદ્વાર જવા રવાના થશે. આ અસ્થિકુંભને વિદાય આપવા ગાંધીનગરના રેલવે સ્ટેશને શનિવારે રાત્રે ૧૦.૧૦ કલાકે અંતિમ દર્શને ઉપસ્થિત રહેવા સર્વેને અનુરોધ કરાયો છે.

# જામનગર પરા ગામની ઝાડીમાંથી બિનવારસી દારૂનો જથ્થો મળ્યો

## ૭૪ નંગ વિદેશી દારૂની બોટલો બિનવારસી મળી : પેથાપુર પોલીસે ગુનો નોંધી દારૂ કબ્જે કર્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક ટીંટોડા ગામથી કલોલ જતાં માર્ગ પર સ્થિત જામનગરપરા વિસ્તારમાં ઝાડીઓમાં દારૂનો જથ્થો વિનવારસી પડ્યો હોવાનો પોલીસમથકે ફોન આવતા પેથાપુર પોલીસે તપાસ કરી હતી. જેમાં ઝાડીઓમાંથી ૪ પેટી તથા અન્ય છુટી બોટલો મળીને કુલ ૭૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પેથાપુર પોલીસે દારૂ જપ્ત કરીને ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પેથાપુર પોલીસને પરોઢીયે ફોન આવ્યો હતો કે જામનગર પરા ગામમાં ઝાડીઓમાં વિદેશી દારૂનો જથ્થો પડ્યો હોય તેમ લાગે છે. જેને પગલે પેથાપુર પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા બિનવારસી હાલતમાં પડેલી વિદેશી દારૂની ૪ પેટીઓ તથા છુટક બોટલો મળી આવી હતી. ઝાડીઓમાંથી રૂ. ૨૯,૬૦૦ ની કિંમતનો ૭૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવતા પેથાપુર પોલીસે મુદ્દામાલ કબ્જે લઈ ગુનો દાખલ કર્યો છે અને સંતાડેલો માલ કોને છે તે અંગેની તપાસ શરૂ કરી છે.

# શહેરમાંથી પરવાના વગરના હોર્ડિંગ્ઝ સાઈન બોર્ડ દૂર કરવાની ઝુંબેશ શરૂ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના રાજમાર્ગો ઉપર આડેધડ પરવાના વગર લગાવવામાં આવેલા હોર્ડિંગ્સ અને જાહેરાતોના બોર્ડને દૂર કરવાની કામગીરી સ્થાનિક તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

શહેરના હાર્દસમા મુખ્ય ચ અને ઘ માર્ગો ઉપર આડેધડ પરવાના વગરના હોર્ડીંગ્ઝો અને સાઈન બોર્ડો ખાનગી કંપનીઓ વેપારીઓ દ્વારા લગાડી દેવામાં આવ્યા છે. જેના કારણે શહેરના રાજમાર્ગોની સુંદરતા બગડવા પામી છે.

આગામી જાન્યુઆરીમાં ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ૩ દિવસ વાયબ્રન્ટ સમિટ યોજાનાર છે. આ સમિટમાં દુનિયાભરમાંથી ઉદ્યોગકારો તેમજ કેટલાક દેશોના રાજદૂતો ભાગ લેવા ગાંધીનગરના મહેમાન બનનાર છે.

વિદેશી મહેમાનો ગાંધીનગર પધારે ત્યારે શહેર સ્વચ્છ અને સુંદર અને આકર્ષક પાટનગર લાગે તે માટે શહેરના રાજમાર્ગો ઉપર તેમજ અન્ય સ્થળોએ પરવાના વગર લગાવવામાં આવેલા હોર્ડિંગ્ઝ અને સાઈન બોર્ડ હટાવવાની કામગીરી હાથ ધરવા સ્થાનિક તંત્રને સૂચના આપવામાં આવી છે.

આ સૂચનાઓને પગલે જિલ્લા તંત્ર અને મહાપાલિકા દ્વારા શહેરના રાજમાર્ગો પર પરવાના વગર લગાવવામાં આવેલા હોર્ડીંગ્ઝ અને સાઈન બોર્ડો હટાવવાની અને શહેરને સ્વચ્છ સુંદર બનાવવાની કામગીરી શરુ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગરના રાજમાર્ગો પર ઠેર ઠેર વાયબ્રન્ટ સમિટ અંગેના સાઈન બોર્ડો લગાવવામાં આવ્યા છે તેમજ રાજમાર્ગો પર આવેલા ચાર માર્ગો પરના સર્કલોને પણ રંગરોગાન કરીને નવા સાજ શણગાર કરીને સજાવવામાં આવી રહ્યા છે.

# ગાંધીનગરના વડનગરા નાગર મંડળનો વિદ્યાર્થી અભિવાદન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના વડનગરા નાગર મંડળ દ્વારા તાજેતરમાં વિદ્યાર્થી અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ સે. ૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન પદે જાણીતા શિક્ષણવિદ ડૉ. ભદ્રાયુભાઈ વચ્છરાજાની ઉપસ્થિત રહ્યા હતા. અને તેમનો પરિચય ડૉ. પ્રણવ જોશીપુરાએ આગવી શૈલીમાં આપ્યો હતો.

આ કાર્યક્રમમાં ડૉ. ભદ્રાયુભાઈ વચ્છરાજાનીના હસ્તે જીવનના સાડા સાત દાયકા વટાવી ચુકેલા વડીલોનું શાલ ઓઢાડી તેમજ સ્મૃતિ ચિહ્ન આપી સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં નર્સરી કે.જી. થી ધોરણ-૪ ના ભુલકાઓને દાતાઓ તરફથી ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. ધોરણ ૫ થી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ, રમતગમતના ક્ષેત્રમાં, આઈઆઈએમ અમદાવાદ જેવી સંસ્થાઓમાં, નાટ્ય સંસ્થાઓમાં, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર યોગદાન આપવા બદલ નાગર યુવાનો-યુવતિઓને દાતાઓ તેમજ મંડળ તરફથી સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન શ્રીમતિ જીજ્ઞાબેન દર્પણભાઈ બુચે કર્યુંહતું અને આભારવિધિ તરંગભાઈ હાથીએ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રમુખ સુધીરભાઈ દેસાઈ, ઉપપ્રમુખ દર્પણભાઈ બુચ અને મંત્રી તરંગભાઈ હાથી સહિત કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના બાળકોએ ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની કડી સંકુલની આર.એન. પટેલ પ્રાયમરી શાળામાંથી તા. ૧૦-૧૨-૨૦૧૪ના રોજ સહ અભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગ રુપે ધોરણ-૩ અને ૫ ના ૧૮૦ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગ રૂપે ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને પર્યાવરણ સ્વચ્છતા, પક્ષી અને પ્રાણીઓની જાળવણી વિશેનું માર્ગદર્શન હેમાબેન સુથાર દ્વારા આપવામાં આવ્યું. અહીં વિદ્યાર્થીઓએ ડાયનાસોર અને જીવાવશેષ ઉદ્યાન કુતુહલતા પૂર્વક નિહાળ્યા. પક્ષી જગતમાં રંગબેરંગી પક્ષીઓના અવાજનો આનંદ મણ્યો. વાઘ, હરણ, નીલગાય, મગર, મોર, હંસ, સાપ જેવા અન્ય પક્ષીઓ તેમજ પ્રાણીઓને પ્રત્યક્ષ જોઈ રોમાંચ અનુભવ્યો. આ મુલાકાતથી વિદ્યાર્થીઓને પ્રકૃતિ પ્રેમ અને પર્યાવરણની જાળવણી તથા સ્વચ્છતાના સ્વલક્ષી પાઠ ભણવા મળ્યા. આ મુલાકાતથી વિદ્યાર્થીઓએ એક અનેરો કુદરતી વાતાવરણનો મન મૂકીને લ્હાવો લીધો. શૈક્ષણિક હેતુસર પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાતમાં શિલ્પાબેન પટેલ, નીતાબેન પટેલ, મેઘાબેન દવે, રમીલાબેન પટેલ અને રાજુભાઈ પટેલ એમ કુલ પાંચ શિક્ષકો જોડાયા હતા.

# પેરોલ જંપ કરીને નાસતો ફરતો આરોપી ઝડપાયો

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે ૧૦ વર્ષની જેલની ભોગવી રહેલો અને હાલમાં પેરોલ જંપ કરીને છેલ્લા છ મહિનાથી નાસતા ફરતા કુખ્યાત કેદીને પકડી પાડવામાં સફળતા મેળવી છે. બાતમીના આધારે આ શખ્સને દિલ્હી દરવાજા પાસેથી પકડી પાડવામાં આવ્યો હતો. મોહમ્મદ ઈરફાન ઉર્ફે મસોટી અબ્દુલહમીદની દિલ્હી દરવાજા ખાતેથી ધરપકડ કરી લેવામાં આવી છે. આજે સાંજે તેને પકડી પાડવામાં આવ્યો હતો. દિલ્હી દરવાજા ખાતે રહેતો ૩૯ વર્ષીય શખ્સની પુછપરછ શરૂ થઇ છે. અરબગલી પોપટિયાવાડ દરિયાપુર વિસ્તારમાં મકાન નંબર ૩૦માં રહે છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચના પોલીસ અધિકારીઓને બાતમી મળ્યા બાદ તેને પકડી પાડવા જાળ બિછાવવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં બનતી ચોરી, લૂટફાટની ઘટનાઓને રોકવામાં સક્રિય ક્રાઈમ બ્રાંચે નવી વિગત શોધી કાઢી છે. કેદીની પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, તે ૨૦૦૭માં જયપુરથી ૪૦ કિલો ચરસનો જથ્થો લઈને આવ્યો હતો અને તે ડિલિવરી કરવા વેજલપુર સરખેજ તરફ જઇ રહ્યો હતો ત્યારે વેજલપુર ટેલિફોન હોટલ પાસે વેજલપુર પોલીસ દ્વારા તેને પકડી પાડવામાં આવ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## આજથી સે-૫ના ખોડીયાર માતાજીના મંદિરે શિવકથાનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૫ ખાતે આવેલ ખોડીયાર માતાજીના મંદિરમાં તા. ૧૩મી ડિસેમ્બર શનિવારથી શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિવકથા યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાશે જે દરરોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે. જે તા. ૨૦મી ડિસેમ્બરે પૂર્ણાહુતિ પામશે.

## શહેરમાંથી વધુ ત્રણ પીધેલી હાલતમાં ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના જુના સચિવાલય વિસ્તારમાં ગઈ રાત્રે ગાડી લઈને ફરતા બે શખ્સોને સે. ૭ પોલીસે પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા હતા. ન્યુ રાણીપના બંને શખ્સો પિયુષ ગોપાલ પટેલ અને પ્રશાંત રમણ પેટલે બંનેની ધરપકડ કરી પોલીસે ગાડી જપ્ત કરી લીધી હતી. તો બીજી તરફ ઈન્ફોસિટી પોલીસે ઈન્દ્રોડાના જશાજી કેશાજી ગોહિલને પીધેલી હાલતમાં પકડીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આવતીકાલે વાવોલમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧૨

વાવોલમાં તા. ૧૪મી ડિસેમ્બર રવિવારે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ વાગ્યા દરમ્યાન ગ્રીનસીટી ફલેટ ખાતે ફલેટ નં. એચ-૮ ઘનશ્યામભાઈ સોનીના નિવાસસ્થાને આનંદનો ગરબો યોજાશે. આ આનંદનો ગરબો જય બુટ ભવાની આનંદ ગરબા મંડળના દર્શનાબેન રાવલના કંઠે યોજાશે. તમામ ધર્મપ્રેમી ભક્તોને આ આનંદના ગરબામાં પધારવા આમંત્રણ અપાયું છે.

## કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા સ્વચ્છતા અભિયાન

ગાંધીનગરના કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ દ્વારા સે. ૧૨માં આવેલ બલરામ મંદિર પરિસર અને ઉમીયા માતાજી મંદિર અને ઘ-રોડ વચ્ચેની જગ્યામાં તા. ૧૬ ડિસેમ્બરે સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવનાર છે. આ સફાઈ અભિયાનમાં સમાજના સભ્યો પરિવાર સહિત મોટી સંખ્યામાં જોડાશે.

# ગાંધીનગરને સફાઈ અને સંસ્કારની દૃષ્ટિએ આદર્શ પાટનગર બનાવવા લેખિત રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરને સફાઈ અને સંસ્કારની દૃષ્ટિએ આદર્શ પાટનગર બનાવવા માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆએ રાજ્યના મુખ્ય સચિવને બે મહત્વના સૂચનો અંગે લેખિતમાં રજૂઆત કરી હતી.

ગાંધીનગરની સ્વૈચ્છીક સેવાભાવી સંસ્થાઓ તથા વેપારી-વાણિજ્યના આગેવાનો અને સરકારી તંત્રના ઉચ્ચ અધિકારીઓની સફાઈ અને સ્વચ્છતા મામલે તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં નગરની સંસ્થાના પ્રમુખ અને પ્રતિનિધિઓ જોડાયા હતા અને સફાઈ તેમજ સ્વચ્છતા મામલે અનેક સૂચનો કરી તેના ઉકેલમાં આદર્શ પાટનગરના સ્વપ્નને સાકાર કરવાની વાત કરી હતી.

આ બેઠકમાં ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખે સરકારના તમામ મહત્વના કામો બુદ્ધિયુક્ત બનાવેલી ઔપચારિક યોજનાઓ ઉપર આધારિત હોય છે. મહાનગરપાલિકા માઈક્રો પ્લાલીંગ સાથેની સતત માંગણીઓ છતા સફાઈની બુદ્ધિયુક્ત લેખિત યોજના શા માટે બહાર પાડતી નથી અને એડહોક ધોરણે મનધડત રીતે વહીવટ ચલાવવાનું ચાલુ રાખે છે. તે સામાન્ય સમજની બહાર છે તેથી તેવી લેખિત યોજના બહાર પાડવા અને મહાનગરપાલિકાના વહીવટની જાણકારી સતત લોકોને મળતી રહે તે જરૂરી છે તેવું સબળ પ્રામાણિક સુપરવીઝન-દેખરેખથી શક્ય બની શકે તેવી લેખિત રજુઆત કરી હતી તેમ મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું હતું.

# જેઈઈ મેઈન પરીક્ષા ફોર્મની ભુલો જાન્યુઆરીમાં સુધરશે

## ફોર્મ ભરતી વેળા ખોટી જાણકારીઓ ભરાઈ હશે તો પણ વિદ્યાર્થીઓને ભુલ સુધારવાની એક તક આપવામાં આવશે

અમદાવાદ, તા.૧૨

એન્જિન્યરીનમાં પ્રવેશ માટે સૌથી મહત્વની ગણવામાં આવતી એન્ટ્રન્સ એકઝામ જોઈન્ટ એન્ટ્રેન્સ એકઝામિનેશન (જેઈઈ) મેઈન ૨૦૧૫ની પરીક્ષા માટેની ફોર્મ ભરવાની પ્રકિયા હાલ ચાલી રહી છે પરીક્ષા આપતા ઉમેદવારો ૧૮મી ડીસેમ્બર સુધી પોતાના ફોર્મ ભરી શકશે જોકે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ખોટી જાણકારી ભરાઈ ગઈ હોય તેવા વિધાર્થીઓને પણ ભુલ સુધારવાની એક તક જાન્યુઆરી મહિનામાં આપવામાં આવશે.

પ્રાપ્ત થતી માહીતી મુજબ વિજ્ઞાન પ્રવાહ પછી દેશની ટોચની એન્જિન્યરીંગ કોલેજ અને આઈઆઈટી સહીતની ટેકનીકલ સંસ્થાઓમાં પ્રવેશ માટે જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામિનેશન (જેઈઈ) મેઈન્સ ની પરીક્ષા લેવામાં આવે છે ત્યારે વર્ષ ૨૦૧૫ માં લેવામાં આવનાર જેઈઈ મેઈન્સની પરીક્ષાના ફોર્મ ભરવાની કામગીરી અત્યારે ચાલી રહી છે આ ફોર્મ મોડામાં મોડા ૧૮ ડીસેમ્બર સુધી ભરી શકાશે જોકે આ ફોર્મ ભરવાની કોઈ ઉમેદવાર ભુલ કરી હોયતો તેવા ઉમેદવારને ભુલ સુધારવાની તક જાન્યુઆરી મહીનામાં આપવામાં આવશે.

ગયા વર્ષે પણ આ રીતે ભુલ સુધારવાની તક આપવામાં આવી હતી જોકે ચાલુ વર્ષે જાહેર કરેલી સુચનાઓમાં આ અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નહતો જો કે થોડા સમય પહેલા એક વિધાર્થીએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે એસએસસીનું પાસીંગ વર્ષ ૨૦૧૨ને બદલે ૨૦૧૧ અને ધોરણ ૧૨નું પાસીંગ વર્ષ ૨૦૧૪ને બદલે ૨૦૧૩ લખીને ફોર્મ સબમીટ કરી દીધુ હતુ આ ભુલની માહીતી મળતા વિધાર્થી દ્વારા એસબીએસીને જાણ કરવામાં આવી હતી જેનાં જવાબમાં સીબીએસઈ દ્વારા સ્પસ્ટતા કરવામાં આવી હતી કે ઓનલાઈન ફોર્મ ભરવામાં થયેલ ભુલો સુધારવા માટેની એક તક જાન્યુઆરી મહીનામાં આપવામાં આવશે ત્યાર બાદ સીબીએસઈ દ્વારા આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૪૪ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**

એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**

બદલપુર બોય : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

મેં ઓર મિ. રાઈટ : ૨.૩૦, ૭.૩૦

**સ્ક્રીન-૩ :**

મેં ઓર મિ. રાઈટ : ૧૧.૦૦, ૪.૦૦, ૯.૦૦

બદલપુર બોય : ૧.૩૦, ૬.૩૦

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૨ :**

એકશન જેકસન : ૪.૦૦, ૧૦.૦૦

બદલપુર બોય : ૬.૪૫

**: સ્ક્રીન-૩ :**

એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઇંગ્લીશ) ૩ડી : ૬.૪૫

લિંગા (તમીલ) : ૯.૦૦

**: સ્ક્રીન-૪ :**

એકશન જેકસન : ૧૦.૦૦

બદલપુર બોય : ૩.૪૫, ૧૦.૦૦

મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

લિંગા (તમીલ) : ૭.૦૦

**: સ્ક્રીન-૫ :**

બદલપુર બોય : ૧૦.૦૦

એકશન જેકસન : ૧.૦૦, ૭.૦૦

**: સ્ક્રીન-૬ :**

એકશન જેકસન : ૭.૦૦

બદલપુર બોય : ૩.૪૫

મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રેવાબેન કચરાભાઈ પરમાર (ઉ.વ.૮૫) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર